# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2024** **Morning : 6.45 to 6.55 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર તરફથી સૌ શ્રોતા મિત્રોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ........

પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- દેશ આજે ગૌરવભેર 78મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવી રહ્યો છે - મુખ્ય સમારોહમાં દિલ્હીના લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થોડી જ ક્ષણોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવશે - રાષ્ટ્રને સંબોધન કરશે.
- રાષ્ટ્રપતિશ્રીએ પ્રજાજોગ સંદેશમાં કહ્યું અમૃતકાળના આ સમયમાં યુવાનો દેશને નવી ઊંચાઈઓએ પહોંચાડશે
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નડિયાદ ખાતે કરાશે.
- રાજ્યમાં “હર ઘર તિરંગા” અભિયાનની ઉજવણીમાં 15 લાખથી વધુ નાગરિક જોડાયા.
- ગુજરાત પોલીસના 21 અધિકારી જવાનોને રાષ્ટ્રપતિના ચંદ્રક જાહેર કરાયા.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# INDEPENDENCE DAY – MUKHYA SAMAROH

દેશ આજે 78મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી થોડી જ ક્ષણોમાં દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવશે અને રાષ્ટ્રને સંબોધન કરશે. આ વર્ષના સ્વાતંત્ર્ય દિવસની વિષયવસ્તુ - વિકસિત ભારત @ 2047 રાખવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ સમારોહ 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાના સરકારના પ્રયાસોને વેગ આપશે.

રાષ્ટ્રીય ઉત્સાહની આ ઉજવણીમાં લોકોની ભાગીદારી વધારવાના ઉદ્દેશ્ય સાથે, લગભગ છ હજાર વિશેષ મહેમાનોને લાલ કિલ્લા પર સમારોહ માટે આમંત્રિત કરાયા છે. આ મહેમાનોમાં યુવાનો, આદિવાસી સમુદાય, ખેડૂતો, મહિલાઓ સહિત વિવિધ ક્ષેત્રના લોકો સામેલ છે. તેઓએ સરકારી યોજનાઓ અને પહેલોની મદદથી વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ લેનારા કુલ 250 ખેડૂતને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરાયા છે. વધુમાં, સ્થાનિક શાસનમાં મહિલાઓની વધતી ભૂમિકાની ઉજવણી કરવા માટે ગ્રામ પંચાયતોના ત્રણસો ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓને આમંત્રણ અપાયું છે. જ્યારે 150 લખપતિદીદી અને 150 ડ્રોનદીદીને પણ આમંત્રિત છે. આ ઉપરાંત તાજેતરમાં પૂર્ણ થયેલ પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેનાર ભારતીય ખેલાડીઓને અને MyGov અને ઓલ ઈન્ડિયા રેડિયોના સહયોગથી સંરક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત વિવિધ ઓનલાઈન સ્પર્ધાઓના ત્રણ હજાર વિજેતાઓ પણ આ સમારોહનો ભાગ બનશે. આ સમારોહમાં દેશભરની વિવિધ શાળાઓના કુલ બે હજાર વિદ્યાર્થી કેડેટ્સ પણ ભાગ લેશે.

--------

## SPECIAL INVITATION

સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે બોટાદ જિલ્લાના બે વિદ્યાર્થીઓને આમંત્રણ મળ્યુ છે. ધોરણ 10 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઋત્વિક ચૌહાણને આમંત્રણ મળવા બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો છે.

(બાઈટ – ઋત્વિક ચૌહાણ, વિદ્યાર્થી)

અન્ય એક વિદ્યાર્થીની સાધનાને પણ આ અવસર મળવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

(બાઈટ – સાધના, વિદ્યાર્થીની)

સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીની કાર્યકર્તા અલ્પા પટેલને પણ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે આમંત્રણ મળતા ખુશી વ્યક્ત કરી હતી.

(બાઈટ – અલ્પા પટેલ, આંગણવાડી કાર્યકર્તા)

--------

## PREZ. ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઈકાલે રાષ્ટ્રજોગ સંદેશમાં સમગ્ર દેશવાસીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવી હતી. શ્રીમતી મુર્મૂએ કહ્યું, આઠ ટકાની

સરેરાશ વાર્ષિક આર્થિક વૃદ્ધિ સાથે ભારત વિશ્વનું સૌથી ઝડપથી આગળ વધતું અર્થતંત્ર બની ગયું છે. આના કારણે ગરીબી રેખા હેઠળ આવતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હાલમાં ભારત વિશ્વની પાંચમી અર્થવ્યવસ્થા બની ગયું છે.

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું, અમૃતકાળનો આ સમય યુવાનોનો છે. તેમની ઊર્જા અને ઉત્સાહથી દેશ નવી ઊંચાઈઓ સુધી પહોંચશે. શ્રીમતી મુર્મૂએ પેરિસ ઑલિમ્પિક્સ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રયાસ માટે ભારતીય ખેલાડીઓની નિષ્ઠા અને પરિશ્રમની પ્રશંસા કરી હતી.

--------

## STATE MINISTERS 15TH AUGUST CELEBRATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્યકક્ષાના 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ખેડાના નડિયાદમાં કરાશે. મુખ્યમંત્રી નડિયાદમાં એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં બનાસકાંઠા ખાતે સ્વતંત્રતા દિવસ ઉજવાશે.

રાજ્યના કેબિનેટ મંત્રી કનુ દેસાઈ સુરત, ઋષિકેશ પટેલ મહેસાણા, રાઘવજી પટેલ જૂનાગઢ, બલવંતસિંહ રાજપૂત કચ્છના ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત રહેશે. જ્યારે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા અમરેલી, મૂળુભાઈ બેરા, ડૉ. કુબેર

ડિંડોર સાબરકાંઠા અને ભાનુબેન બાબરિયા ગીર સોમનાથમાં સ્વતંત્રતા દિવસ ઉજવશે.

ઉપરાંત રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને તમામ જિલ્લાના કલેક્ટર વિવિધ જિલ્લામથકોએ ધ્વજવંદન કરશે.

--------

## GOVERNOR NADIAD PRE 15TH AUGUST CELEBRATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે  આપણે આપણી જવાબદારી ઈમાનદારીથી પૂર્ણ કરીશું તો જ “વિકસિત ભારત” ના લક્ષ્યાંકને સિદ્ધ કરી શકી.શું ખેડાના નડિયાદમાં 78મા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ગઈકાલે એટ હૉમ સમારોહમાં બોલતાં રાજ્યપાલે આ મુજબ જણાવ્યું હતું. આ સમારોહમાં  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આપણે કર્મ સારી રીતે કરતાં રહીશું તો પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપી શકીશું.

દરમિયાન શ્રી આચાર્યએ 'એક પેડ માં કે નામ' અભિયાન થકી જળવાયુ પરિવર્તન જેવી પર્યાવરણીય સમસ્યાનો સામનો કરી શકાશે તેમ કહી નાગરિકોને મહત્તમ વૃક્ષનું વાવેતર કરવા આહ્વાન કર્યું હતું.

--------

# HAR GHAR TIRANGA ABHIYAN

રાજ્યના 15 લાખથી વધુ નાગરિકો હરઘર તિરંગા અભિયાનમાં જોડાયા હોવાનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું, રાજ્યકક્ષાના ચાર અને જિલ્લાકક્ષાના 33, તાલુકાકક્ષાના 252 અને 10 હજારથી વધુ ગામમાં ભવ્ય કાર્યક્રમ યોજાયા. દરમિયાન રાજ્યના વિવિધ 75 પ્રતિકાત્મક સ્થળ પર યોજાયેલા કાર્યક્રમ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

શ્રી સંઘવીએ ઉંમેર્યું, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી તિરંગાયાત્રામાં દોઢ લાખથી વધુ, જ્યારે સુરત મહાનગરપાલિકા ખાતે યોજાયેલી તિરંગા રેલીમાં 1 લાખ 25 હજારથી વધુ નાગરિક જોડાયા હતા. દેવભૂમિદ્વારકામાં 2 હજાર 90 ફૂટની ઊંચાઈ ધરાવતા “આભાપરા” ટેકરી પર લહેરાવેલો તિરંગો તેમ જ 136 જેટલા સરહદી વિસ્તારોમાં તિરંગા યાત્રા આકર્ષણનું કેન્દ્ર બની છે.

રાજ્યની 2 હજારથી વધુ શાળામાં ‘હર ઘર તિરંગા’ની વિષયવસ્તુ સાથે પર રંગોળી, ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમ યોજાયા. વલસાડમાં 2 કિલોમીટર લાંબી તિરંગાયાત્રામાં 400 મીટર લંબાઈના તિરંગાએ સૌને આકર્ષિત કર્યા હતા.

--------

# RASTRAPATI CHANDRAK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ સશસ્ત્ર દળો અને કેન્દ્રીય પોલીસ દળોના એકસો ત્રણ જવાનોને વીરતા પુરસ્કારોને મંજુરી આપી છે.

આ સાથે પોલીસમાં વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રપતિના પોલીસ ચંદ્રક પણ જાહેર કરાયા છે. જેમાં ગુજરાત પોલીસના 21 અધિકારી જવાનોનો સમાવેશ કરાયો છે.

રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા બે અધિકારીઓને વિશિષ્ટ એવા પોલીસ ચંદ્રક અને 19 અધિકારી જવાનોને પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો જાહેર કરાયા છે.

--------

## GAURAV PURASKAR

ગુજરાત સાહિત્ય અકાદામી ગાંધીનગર દ્વારા ગુજરાતી ભાષામાં અપાતાં ગૌરવ પુરસ્કારની જાહેરાત કરાઇ જેમાં સાહિત્ય ગૌરવ પુરસ્કાર **2023** માટે ડૉ.બળવંત જાની અને યુવા ગૌરવ પુરસ્કાર **2023** માટે મિલિન્દ ગઢવીની પસંદગી કરવામાં આવી છે.

--------

## MATDAR SUDHARNA YADI

રાજ્યભરમાં મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા 20મી ઑગસ્ટે મતદારયાદીનો વિશેષ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ પહેલી જાન્યુઆરી 2025ના રોજ 18 વર્ષ પૂર્ણ કરનારા

મતદાતાઓનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા આ કાર્યક્રમ હાથ ધરાશે.

આ ઝૂંબેશ અંતર્ગત 20 ઑગસ્ટથી રાજ્યભરમાં બૂથ લેવલ ઑફિસર્સ ઘરેઘરે જઈ સરવે હાથ ધરશે. દરમિયાન 18 વર્ષ પૂર્ણ કરનારા યુવાઓની યાદી બનાવવાની કામગીરી તથા મતદાર તરીકે ન નોંધાયેલા પાત્રતા ધરાવતા નાગરિકોનો સમાવેશ ઉપરાંત સ્થળાંતર કરનાર, મૃત્યુ પામનાર અને એકથી વધુ વખત નોંધાયેલા મતદારોના નામ કમી કરી મતદાર યાદીને ત્રૂટિરહિત કરવા સહિતની કામગીરી કરાશે.

--------